શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · iSC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ ત્રીજ શુક્રવાર ૧૭ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૬

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# પુરીની રથયાત્રામાં ભાગદોડ મચતાં બેનાં મોત

**સાંજે** પહાંડી વિધિ વખતે કચડા કચડી મચી ગઇ, એકનું ગુંગળામણથી અને એકનું કાર્ડીયાક એરેસ્ટથી મોત, અનેક ઘાયલ

**મોડી** સાંજે રથયાત્રા અટકાવી દેવાઇ, આજે સવારે ફરીથી શરૂ થશે, રથયાત્રામાં દસ લાખ લોકો ઉમટ્યા, કડક સુરક્ષા વ્યવસ્થા

**પુરી, તા. 16 :** ઓડિશાના પુરીમાં ગુરુવારે જગન્નાથ રથયાત્રા દરમિયાન નાસભાગની સ્થિતિ સર્જાતાં બે જણાનાં મોત થયા હતા અને આશરે ૧૦૦ જેટલા શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા એમ અહેવાલો જણાવતા હતા. જો કે સત્તાવાર આંકડા જણાવતા હતા તે પાંચ જણા બિમાર પડી ગયા છે.

આ ઘટના ગ્રાન્ડ રોડ પર બની હતી, જ્યાં ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના રથોના ખેંચાણને નિહાળવા માટે હળવા વરસાદ વચ્ચે લાખો શ્રદ્ધાળુઓ એકત્રિત થયા હતા. સાંજે 5 વાગ્યે પહાંડી વિધિ દરમિયાન ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે અચાનક લોકો રથોની નજીક જવા લાગ્યા. યાત્રાના રૂટ પર હાજર સ્વયંસેવકો લોકોને પાછળ હટાવી રહ્યા હતા. તે જ સમયે ભીડમાં ધક્કામુક્કી થવા લાગી. આના કારણે નાસભાગ મચી ગઈ અને લોકો એકબીજા પર પડવા લાગ્યા. જ્યારે નાસભાગ મચી તે સમયે પુરીમાં ભારે વરસાદ પડી રહ્યો હતો. તેમ છતાં 10 લાખથી વધુ લોકો યાત્રાના રૂટ પર હાજર હતા. શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે ઘણા લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. એક ૬૦ વર્ષીય વૃદ્ધનું ગૂંગળામણથી મોત થયું હતું.

એક ૩૫ વર્ષીય યુવાનને સંભવિતપણે હાર્ટ એટેક આવ્યો હતો અને તેનું પણ મૃત્યુ થયું હતું. જો કે તેના મૃત્યુના ચોક્કસ કારણ અંગે તપાસ કરાઈ રહી છે.

બાદમાં સાંજે લગભગ 7.30 વાગ્યે ભગવાન જગન્નાથનો રથ આગળ વધી શક્યો. થોડા જ મીટર ચાલ્યા બાદ પ્રથમ દિવસની યાત્રા રોકી દેવામાં આવી. આ યાત્રા આવતીકાલે સવારે ફરી શરૂ થશે અને 3 કિમી દૂર આવેલા ગુંડિચા મંદિર સુધી જશે.



પુરીમાં બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં તહેવાર માટે ૧૯ આઈપીએસ અધિકારીઓ અને અંદાજે ૧૩,૦૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. વધારામાં, સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે સીઆરપીએફ, બીએસએફ, આરએએફ અને નેશનલ સિક્યોરિટી સહિત કેન્દ્રીય દળોની ૧૫ કંપનીઓને વ્યૂહાત્મક સ્થળો પર ગોઠવવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડ્રોન-જામિંગ સિસ્ટમ સાથે સંકલિત કુલ ૪૭૩ એઆઈ સંચાલિત સીસીટીવી કેમેરા બે કમાન્ડ-એન્ડ-કંટ્રોલ સેન્ટર દ્વારા ગ્રાન્ડ રોડ અને તેની આસપાસના વિસ્તારો પર નજર રાખી રહ્યા છે.

## અગાઉ પણ ભાગદોડના બનાવો બન્યા છે: ગયા વર્ષે બેનાં મોત થયા હતા

પુરીની રથયાત્રામાં નજીકના ભૂતકાળના ભાગદોડના બે બનાવો નીચે મુજબ છે. 18 જુલાઈ 2015: નવકલેવર વર્ષ હોવાને કારણે જગન્નાથ રથયાત્રામાં લાખો શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. ભગવાન બલભદ્રનો રથ ખેંચવામાં આવી રહ્યો હતો તે દરમિયાન ગ્રાન્ડ રોડના મારીચીકોટ ચોક પાસે અચાનક ભીડ વધી ગઈ. લોકો એકબીજા પર પડવા લાગ્યા અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ. ગૂંગળામણને કારણે 2 મહિલાઓનાં મોત થયાં, જ્યારે 6 લોકો ઘાયલ થયા. 29 જૂન 2025: જગન્નાથ રથયાત્રા દરમિયાન ગુંડિચા મંદિરની બહાર શરદાબલી વિસ્તારમાં વહેલી સવારે હજારો શ્રદ્ધાળુઓ દર્શન માટે એકઠા થયા હતા. આ દરમિયાન ભીડ એકસાથે આગળ વધવા લાગી. લોકો એકબીજા પર પડી ગયા, જેના કારણે નાસભાગ મચી ગઈ. આ દુર્ઘટનામાં 3 શ્રદ્ધાળુઓનાં મોત થયાં, જ્યારે 50થી વધુ લોકો ઘાયલ થયા. ઘટના બાદ રાજ્ય સરકારે ન્યાયિક તપાસના આદેશ આપ્યા અને બેદરકારીના આરોપસર કેટલાય અધિકારીઓ સામે કાર્યવાહી કરી.

## દિલ્હી ડાયરી



### ઈન્ટેલિજન્સ બ્યુરોમાં મોટો ફેરફાર

એ નક્કી જ હતું કે ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી) ના વર્તમાન વડા તપન ડેકા, જેઓ 30 જૂને નિવૃત્ત થવાના હતા, તેમને સેવામાં એક વર્ષનું એક્સટેન્શન મળશે. જોકે, સૂત્રોએ જણાવ્યું કે, ફાઇલ મંજૂરી માટે વડા પ્રધાન કાર્યાલય સુધી પહોંચી ત્યાં સુધીમાં આ નિર્ણય બદલાઈ ચૂક્યો હતો. ડેકાના ઉત્તરાધિકારી તરીકે, આંધ્ર પ્રદેશ કેડરના 1993-બેચના આઈપીએસ અધિકારી મહેશ દીક્ષિતની નિમણૂકને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. તેઓ હાલમાં આઈબીમાં જ સ્પેશિયલ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે - એક એવું પદ જેને સામાન્ય રીતે સંસ્થામાં બીજા નંબરનું સ્થાન માનવામાં આવે છે. દીક્ષિત લાંબા સમયથી કાશ્મીરમાં તૈનાત છે અને આતંકવાદીઓ સામે ઇન્ટેલિજન્સ ઓપરેશન ચલાવવામાં માહિર માનવામાં આવે છે. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના સૌથી નજીકના વિશ્વાસુઓમાં પણ ગણાય છે. માહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આઈબી વડા તરીકે દીક્ષિતની નિમણૂક દેશના આંતરિક સુરક્ષા તંત્રને વધુ મજબૂતી અને મક્કમતા પ્રદાન કરશે તેવી અપેક્ષા છે. સવાલ એ રહે છે કે: જે ડેકા પહેલેથી જ એક્સટેન્શન પર હતા, તેમને બીજું સર્વિસ એક્સટેન્શન કેમ ન આપવામાં આવ્યું? જ્યારે તેમના સૌથી નજીકના 'બોસ' ઇચ્છતા હતા.

...અનુસંધાન પાના 15 પર

### તા. ૧૬-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૦૪.૦૦ મીમી | ૧૫૮.૮૮ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.40 સે. | ૨૫.૮ સે. | ૬૨% |

# અમેરિકાએ હુમલા ઉત્તર ઈરાન સુધી લંબાવ્યા

**તેહરાન** સુધી પહોંચી હુમલાની આગ, ઈરાનની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉડાવી દેવાની ધમકી

**ઇરાને** ગલ્ફમાંના અમેરિકાના સાથી દેશોને નિશાન બનાવીને ડ્રોન અને મિસાઇલ હુમલા કર્યા

**દુબઈ, તા. 16 (AP):** અમેરિકાએ ગુરુવારે વહેલી સવારે ઈરાન પર તેના હુમલા તેજ કર્યા હતા, જેમાં ઉત્તર તરફના લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈરાને સવાર થતા પહેલાં આ ક્ષેત્રમાં યુએસ સાથી દેશોને નિશાન બનાવીને મિસાઈલ અને ડ્રોન હુમલા દ્વારા જવાબી કાર્યવાહી કરી હતી અને ચેતવણી આપી હતી કે તેના હુમલા હજુ વધુ ઉગ્ર બની શકે છે.

મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન દ્વારા સતત થઈ રહેલા સામસામે હુમલા - અને હોર્મુઝની સામુદ્રધુની માટે ઊભા થયેલા નવા જોખમોએ - ઈરાન યુદ્ધને સમાપ્ત કરવા માટેની વચગાળાની સમજૂતીને છિન્નભિન્ન કરી દીધી છે અને આ પ્રદેશને ફરીથી સંપૂર્ણ યુદ્ધ તરફ ધકેલી શકે છે. ઈરાની અધિકારીઓનું કહેવું છે કે અમેરિકાના હુમલામાં અત્યાર સુધીમાં 35થી વધુ લોકો માર્યા ગયા છે અને 300થી વધુ લોકો ઘાયલ થયા છે. હિંસાના આ તાજેતરના તબક્કામાં પહેલીવાર હુમલા ઈરાનની રાજધાની

...અનુસંધાન પાના 15 પર

### શાંતિ કરાર હજુ પણ શક્ય છે: ટ્રમ્પ

લડાઈનો આ તાજેતરનો તબક્કો હોર્મુઝની સામુદ્રધુની પર કેન્દ્રિત છે, કારણ કે ઈરાન આ મહત્વપૂર્ણ જળમાર્ગ દ્વારા અમેરિકા-નિયંત્રિત રૂટનો ઉપયોગ કરતા જહાજો પર હુમલા કરી રહ્યું છે. અમેરિકાએ બળપ્રયોગ કરીને આ સામુદ્રધુનીને ફરીથી ખોલવાની ધમકી આપી છે, પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે તે માટે હજારો ગ્રાઉન્ડ સૈનિકો નહિ તો પણ ખૂબ મોટા નૌકાદળની જરૂર પડશે. વધતી કિંમતો ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટી માટે મોટો પડકાર ઉભો કરી રહી છે, જે નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખવાની આશા રાખે છે. પરંતુ વોશિંગ્ટનને આ જળમાર્ગને સફળતાપૂર્વક ફરીથી ખોલવા માટે સંઘર્ષ કરવો પડ્યો છે, જેના કારણે ટ્રમ્પે બુધવારે ફરીથી નૌકા નાકાબંધી લાગુ કરી દીધી છે. ટ્રમ્પે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન શાંતિ કરાર કરવા માટે તૈયાર છે, પરંતુ તેમણે આ અંગે કોઈ વિગતવાર માહિતી આપી નથી. મધ્યસ્થીઓએ તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ અત્યાર સુધી તેઓ અસફળ રહ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે તે હજુ પણ અમેરિકા અને તેહરાનને વાટાઘાટોના ટેબલ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, સાથે જ સ્વીકાર્યું હતું કે મધ્યસ્થતા કરવાનું હવે વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર અલગથી જણાવ્યું હતું કે તેહરાને 2024 થી ઈરાનમાં ખોટી રીતે અટકાયતમાં લેવામાં આવેલા એક અમેરિકન નાગરિકને મુક્ત કરીને સદ્ભાવના દર્શાવી છે. તેમણે આ અંગે વધુ વિગતો જાહેર કરી નથી. માનવાધિકાર વકીલ જેરેડ ગેન્સરે એક નિવેદન જાહેર કરીને મુક્ત કરાયેલા નાગરિકની ઓળખ તેમના અસીલ

...અનુસંધાન પાના 15 પર

### નાકાબંધી તોડીને ઇરાન તરફ જતા જહાજ પર અમેરિકાનો હુમલો

અમેરિકન દળોએ એક એવા વ્યાપારી જહાજ પર પણ ગોળીબાર કર્યો હતો જેના પર અમેરિકા દ્વારા ઈસ્લામિક રિપબ્લિક પર લાદવામાં આવેલી નૌકા નાકાબંધી તોડવાનો પ્રયાસ કરવાનો આરોપ હતો. અમેરિકી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે પર્સિયન ગલ્ફમાં ઈરાનના મુખ્ય ઓઇલ એક્સપોર્ટ ટર્મિનલ ખાર્ગ આઇલેન્ડ તરફ જઈ રહેલા કુરાકાઓ ધ્વજ ધરાવતા ઓઇલ ટેન્કર 'બેલમા' પર ગોળીબાર કર્યો હતો. આ જહાજે અનેક ચેતવણીઓની અવગણના કર્યા પછી, અમેરિકી વિમાને જહાજની ચિમનીમાં મિસાઈલ ફાયર કરીને આ વ્યાપારી જહાજને નિષ્ક્રિય કરી દીધું હતું.

# CBSEની ત્રીજી ભાષાની નીતિ અંગે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

**ધોરણ** ૯થી ત્રીજી ભાષા નહીં દાખલ કરવા મૌખિક રીતે કેન્દ્રીય શિક્ષણ બોર્ડને જણાવ્યું, તેને બદલે ધોરણ ૫ કે ધોરણ ૬થી ત્રીજી ભાષા દાખલ કરવા સલાહ આપી

**ધોરણ ૯માં** અચાનક ત્રીજી ભાષા દાખલ થવાથી વિદ્યાર્થીઓમાં તનાવ વધી શકે છે



**નવી દિલ્હી, તા. 16 (PTI):** સુપ્રીમ કોર્ટે ગુરુવારે સીબીએસઈ અભ્યાસક્રમ હેઠળ ધોરણ 9 માં ત્રીજી ભાષા દાખલ કરવા સામે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે એવી ટિપ્પણી કરી હતી કે તેનાથી વિદ્યાર્થીઓનું તણાવનું સ્તર વધશે અને એવું સૂચન કર્યું હતું કે તેને ધોરણ 5 અથવા ધોરણ 6 માં દાખલ કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓ તેનો યોગ્ય રીતે સામનો કરી શકે.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે કેન્દ્ર સરકારને મૌખિક રીતે ધોરણ 9 માં ત્રીજી ભાષા દાખલ ન કરવા જણાવ્યું હતું. જસ્ટિસ નાગરત્નાએ કેન્દ્ર તરફથી હાજર રહેલા વકીલને કોર્ટની આ લાગણી સરકાર સુધી પહોંચાડવા માટે જણાવતા કહ્યું કે, "ભારત સરકાર, કૃપા કરીને ધોરણ 9 ના સ્તરથી ત્રીજી ભાષા ન રાખો. તેનાથી વિદ્યાર્થીઓનું તનાવ સ્તર બિનજરૂરી રીતે વધશે. જો તમે નવી ભાષા દાખલ કરવા માંગતા હોવ, તો કૃપા કરીને તેને ધોરણ 5 અથવા ધોરણ 6 ના સ્તરે દાખલ કરો, પરંતુ ધોરણ 9 ના સ્તરે નહીં. ધોરણ 9 ખૂબ જ તણાવપૂર્ણ હોય છે, અને આ તણાવ ધોરણ 8 થી જ શરૂ થઈ જાય છે.

મદ્રાસ હાઈકોર્ટના તે નિર્દેશ સામે તમિલનાડુ સરકારની અરજી પરની સુનાવણી દરમિયાન આ ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જેમાં રાજ્યના દરેક જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલયોની સ્થાપનાની સુવિધા આપવા માટે કહેવામાં આવ્યું હતું. તમિલનાડુ સરકાર આ શાળાઓમાં અનુસરવામાં આવતી ત્રિ-ભાષા નીતિના અભ્યાસક્રમ અંગેની ચિંતાઓને કારણે જેએનવીઝની

...અનુસંધાન પાના 15 પર

# ઈસરોમાંથી ૧૦૦ વૈજ્ઞાનિકોનાં રાજીનામાં બાદ નિયમો કડક કરાયા

**હવે** છૂટા થવાના નિયમો કડક બનાવાયા, ગગનયાન, ચંદ્રયાન, SpaDeX જેવા કાર્યક્રમો સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોના રાજીનામા હવે અવકાશ વિભાગને મોકલવા પડશે

**મહત્વના** પ્રોજેક્ટો સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોના રાજીનામા તરત નહીં સ્વીકારાય, પ્રોજેક્ટ પૂરો થાય ત્યાં સુધી રહેવું પડશે

**બેંગલુરુ, તા. 16 :** ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ એ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(Isro)માં વધી રહેલા રાજીનામાના પ્રવાહને રોકવા માટે એક નવો આદેશ જાહેર કર્યો છે. આ આદેશ ગગનયાન હ્યુમન સ્પેસફ્લાઈટ પ્રોગ્રામ સહિતના અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મિશનો પર કામ કરી રહેલા વૈજ્ઞાનિકોની સ્વૈચ્છિક નિવૃત્તિ અને રાજીનામા સંબંધિત નિયમોને વધુ કડક બનાવે છે.

૧૪ જુલાઈના એક આંતરિક મેમોરેન્ડમમાં ઈસરોના કેન્દ્રોને ગગનયાન અને અન્ય વ્યુહાત્મક રીતે મહત્વપૂર્ણ મિશનો સાથે સંકળાયેલા ગ્રુપ 'A' વૈજ્ઞાનિક અને તકનીકી કર્મચારીઓના રાજીનામા અથવા સ્વૈચ્છિક નિવૃત્તિના પ્રસ્તાવોને સામાન્ય રીતે સ્વીકાર ન કરવાનો આદેશ અપાયો છે. તેના બદલે, હવે આવા તમામ પ્રસ્તાવોને અંતિમ મંજૂરી માટે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ(DoS) પાસે મોકલવાના રહેશે. ઈસરોના અધિકારીઓ અનુસાર, આ પગલું એવા સમયે લેવાયું છે જ્યારે સંસ્થામાંથી અનુભવી વૈજ્ઞાનિકો મોટી સંખ્યામાં બહાર જઈ રહ્યા છે. જો કે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ દ્વારા સત્તાવાર રીતે નોકરી છોડનારાઓનો ચોક્કસ આંકડો જાહેર કરાયો નથી, પરંતુ ઈસરોના વિવિધ વર્તુળોએ જણાવ્યું કે તાજેતરના મહિનાઓમાં અંદાજે ૧૦૦ થી ૧૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામું આપ્યું હોઈ શકે છે.

...અનુસંધાન પાના 15 પર

# હવે અમેરિકામાં સ્ટુડન્ટ વિઝા પર ચાર વર્ષ જ રહી શકાશે

**અભ્યાસ** તે પછી પણ ચાલુ હોય તો વિઝા લંબાવવા DHSને અરજી કરવી પડશે

**વિદેશી** સંશોધકો અને વિદેશી પત્રકારો માટેના વિઝાઓને પણ આ નિયમ લાગુ પડશે

**હંગામી** વિઝા પર નિયંત્રણો માટેના નવા નિયમ આવી રહ્યા છે, ભારતીયોને વ્યાપક અસરની વકી

**નવી દિલ્હી, તા. 16 (PTI):** અમેરિકામાં અભ્યાસ કરતા ૩.૩ લાખથી વધુ ભારતીયો સહિતના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં જ કડક ઈમિગ્રેશન નિયમોનો સામનો કરવો પડી શકે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) એ એક એવા નિયમનને આખરી ઓપ આપ્યો છે, જે લાંબા સમયથી ચાલી આવતી ડ્યુરેશન ઓફ સ્ટેટસ(સ્થિતિનો સમયગાળો) વ્યવસ્થાના સ્થાને રોકાણનો એક નિશ્ચિત સમયગાળો નક્કી કરશે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ગુરુવારે જાહેર કરાયેલા નવા નિયમ હેઠળ, F-1 વિઝા ધરાવતા વિદ્યાર્થીઓને સામાન્ય રીતે મહત્તમ ચાર વર્ષ સુધી અમેરિકામાં રહેવાની મંજૂરી આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે વધુ સમયની જરૂર હશે, તેમણે તેમનું રોકાણ સમાપ્ત થાય તે પહેલાં જ DHS પાસેથી વિઝા લંબાવવા માટે અરજી કરવી પડશે. આ નવો નિયમ J-1 એક્સચેન્જ વિઝિટર્સ અને વિદેશી મીડિયા પ્રતિનિધિઓને આપવામાં આવતા I વિઝા માટે પણ રોકાણનો નિશ્ચિત સમયગાળો દાખલ કરે છે. આ નિયમ સત્તાવાર રીતે લાગુ થાય તે પહેલાં હવે તેને યુએસ સંસદની સમીક્ષામાંથી પસાર થવું પડશે.

ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, આ ફેરફારોનો હેતુ વિઝા સિસ્ટમની દેખરેખને મજબૂત કરવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને દૂર કરવાનો છે. શૈક્ષણિક સંગઠનોએ ચેતવણી આપી છે કે, આ નિયમના કારણે હજારો એવા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે જેમના શૈક્ષણિક કાર્યક્રમો ચાર વર્ષ કરતાં વધુ સમયના હોય છે. દાયકાઓથી, F-1 વિઝા પર અમેરિકા આવતા આંતરરાષ્ટ્રીય

...અનુસંધાન પાના 15 પર